# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-06-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

# VIJAY RUPANI BODY HANDED OVER TO FAMILY

અમદાવાદમાં બારમી જૂનના રોજ સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પાર્થિવ શરીર આજે પરિવારને સોંપાયું હતું. અમદાવાદ સિવિલ હોસ્પિટલ પરિસરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં દિવંગત નેતાના પાર્થિવ દેહને રાજ્યના સરકારી માનદંડ અનુસાર ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો.

વિજય રૂપાણીના પત્ની અંજલી રૂપાણી , તેમના પુત્ર ઋષભ રૂપાણી અને દિકરી રાધિકાને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે પાર્થિવ શરીર સોંપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ , ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા.

સ્વર્ગસ્થ રૂપાણીનાં પાર્થિવ શરીરને રાજકોટમાં તેમના નિવાસસ્થાને અંતિમ દર્શન માટે મૂકવામાં આવશે. સાંજે પાંચ વાગ્યા બાદ તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ગઇ કાલે સાંજે વિજય રૂપાણીના DNA મેચ થયા બાદ આજે તેમનું પાર્થિવ શરીર પરિવારને સોંપાયું હતું.

. . . . . . . . . . . . .

# DNA SAMPLE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 92 DNA નમૂના મેચ થયા છે. જ્યારે 47 પાર્થિવ દેહ સ્વજનોને સોંપાયા છે. સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિટેન્ડેન્ટ ડો. રજનીશ પટેલે જણાવ્યું હતું કે , જે પરિવારજનોના DNA મેચ થઈ ગયા છે તેમના પરિવારજનોને જાણ કરવામાં આવી છે. આજે સવારથી 13 લોકો મૃતદેહ લેવા આવ્યા છે. 11 જેટલા પરિવારજનો ચર્ચા કરી મૃતદેહ લેવા માટે આવશે.

(બાઇટ: ડૉ. રજનીશ પટેલ, એડિશનલ સુપ્રિટેન્ડેન્ટ)

ઉલ્લેખનીય છે કે , દરેક મૃતકના પરિવાર માટે એક અલાયદી ટીમ ફાળવવામાં આવી છે. આ ટીમમાં એક વરિષ્ઠ અધિકારી , પોલીસકર્મી અને એક પ્રોફેશનલ કાઉન્સેલરનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# COURT HELPLINE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના પીડિતો તથા મૃતકના પરિવારજનોને સહાય આપવા માટે અમદાવાદ સિટી સિવિલ કોર્ટ કાનૂની સેવા સમિતિના સહયોગથી 24 કલાક માટે હેલ્પલાઇન 079-25512033 અને 6357981043 શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરીને પીડિતો વિવિધ સહાયતાઓ મેળવી શકે છે. જેમાં મુસાફરોની માહિતી સંબંધિત એજન્સીઓ પાસેથી મેળવવી , પ્રમાણપત્રો અને દસ્તાવેજોની રૂપરેખા જેવી આયોજિત સુવિધાઓ કાનૂની સેવાઓ મેળવી શકાશે.

આ ઉપરાંત શાહિબાગ, ડફનનાળા ખાતે આવેલ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના કાયમી લીગલ સર્વિસ ક્લિનિકમાં પણ એક હેલ્પડેસ્ક સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યાં વિવિધ એજન્સીઓ પાસેથી ઇચ્છિત સેવા મળવા માટે યોગ્ય માર્ગદર્શન તથા સમન્વયપૂર્વક તમામ પ્રકારની સહાય આપવામાં આવશે.

. . . . . . . . . . . . .

# CM CIVIL VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વિમાન દુર્ઘટનાના પીડિતોને મળી તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને હતભાગીઓના પરિવારજનોની મુલાકાત લઈ , તેમને સાંત્વના પાઠવી હતી.ત્યારબાદ શ્રી પટેલે મંત્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી , રાહત-બચાવની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપ્યાં હતાં.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ , ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી , મુખ્ય સચિવ પંકજ જોશી સહિત સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# GUJARAT RAIN

આજે સવારથી રાજ્યના 70 તાલુકામાં વરસાદ નોંધાયો છે. ભાવનગર જિલ્લાના જેસર તાલુકામાં સૌથી વધુ 6 ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે પાલિતાણા અને મહુવામાં પણ પાંચ ઈંચથી જેટલો વરસાદ પડ્યો છે. છોટાઉદેપુર જિલ્લાના સંખેડામાં પણ બે કલાકમાં 5 ઇંચ વરસાદ ખાબકતા ડભોઇ-બોડેલી રાષ્ટ્રીય ધોરી માર્ગ પર પાણી ભરાયા હતા. આ ઉપરાંત અમરેલીના રાજુલા , વલસાડના ઉમરગામ, ગીર સોમનાથના ઉના અને સૂત્રાપાડા , ભરૂચના હાંસોટમાં પણ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તાપી જિલ્લાના વ્યારા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો.

. . . . . . . . . . . . .

# GIR SANCTUARY

ગીર અભયારણ્યમાં ગઈકાલથી વનરાજોનું વેકેશન શરૂ થયું છે. ચોમાસાની ઋતુ એ સિંહ સહિતનાં વન્ય પ્રાણી માટે સંવર્ધન કાળ હોઇ દર વર્ષે વન વિભાગ દ્વારા 15 જૂનથી 15 ઓક્ટોબર રાજ્યના તમામ અભયારણ્યો બંધ કરવામાં આવે છે. જોકે પ્રવાસીઓ પ્રકૃતિની સાથે સિંહ દર્શનનો આનંદ માણી શકે તે માટે ગીરમાં દેવળીયા સફારી પાર્ક ખુલ્લું રહેશે તેમ નાયબ વન સંરક્ષક મોહનકુમાર રામે જણાવ્યું હતું. વરસાદને કારણે જંગલના રસ્તાઓ પણ પરિવહનને અનુકૂળ ન હોય પ્રવાસીઓની સુગમતા માટે વન વિભાગ દ્વારા ગીર જંગલ ચાર મહિના માટે બંધ કરાયું છે.

. . . . . . . . . . . . .

# MEHSANA MUSEUM

ઉનાળુ વેકેશન દરમિયાન 35 હજાર કરતા વધુ લોકોએ મહેસાણાના વડનગર ખાતેના પુરાતત્વીય સંગ્રહાલયની મુલાકાત લીધી. આ સંગ્રહાલય જોવા દેશ-વિદેશથી લોકો આવી રહ્યા છે. અહીં ગાઈડની પણ ખાસ વ્યવસ્થા કરાઈ છે.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)